**હુકમ** **ફો. કેસ નંબર :-2481-2025**

**૧.** ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીનાઓએ આંક ૧ ની હકીકતે ગુનો કરી જુગાર ધારાની કલમ-૧૨ અ હેઠળનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવી છે. આરોપીની ગુના સંબંધે પ્લી નોંધતા આરોપીએ ગુનાનો સ્વેચ્છીક એકરાર કરેલ છે અને અલગથી કબુલાત પુરસીસ રજૂ કરેલ છે.

**૨.** આરોપીઓએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીની કબુલાત સ્વૈચ્છીક હોવાથી તેવી કબુલાત હું સ્વીકારુ છું. આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યક્ત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને સજા કરવી જોઇએ તેમ હું માનુ છું. આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતા, તેમજ આરોપી પક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલી રજુઆતોને લક્ષમાં લેતા, તેમજ તાજેતરમાં જ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદ ઠાકોર ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાન નં. ૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતા પુરતા કારણો જણાય તો અદાલત ન્યુનત્તમ સજા નિયત કરેલી હોવા છતાંય, ન્યુનત્તમ સજા કરતાં પણ ઓછી સજા કરી શકે છે.

આરોપીની કબુલાત પુરસીસને લક્ષમાં લેતાં, તેમજ આરોપીની કોર્ટ સમક્ષની રજુઆતને લક્ષમાં લેતાં, આરોપીનો પ્રથમ ગુનો હોય, આરોપી કુટુંબનો આધાર સ્તંભ હોય, જો લાંબા સમય સુધીની કેદની સજા કરવામાં આવે તો કુટુંબના ભરણપોષણનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે. આરોપીના કથિત કૃત્યની સજા આડકતરી રીતે તેના કુટુંબીજનોને થનાર હોય, આરોપીએ ગુના સબબ પારાવાર પસ્તાવો પણ વ્યક્ત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી બને તેવી ખાત્રી પણ આપતા હોય, કેસના સંજોગો, ગુનાનો પ્રકાર અને કરવામાં આવેલી રજુઆતોને લક્ષમાં લેતા તેમજ નામદાર ગુજરાત વડી અદાલત દ્વારા ઉપરોક્ત ચુકાદામાં સ્થાપિત કરવામાં આવેલા સિધ્ધાંતને લક્ષમાં લેતા આરોપીને લાંબા સમયની કેદની સજા કરવાને બદલે હળવી સજા કરવાને પાત્ર કેસ હોય, જેથી આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને દંડ કરવાનો અભિગમ અપનાવવામાં આવે તો ન્યાયોચિત્ત ગણાશે. અલબત્ત દંડ કરતી વખતે પણ આરોપીની દારૂણ અવસ્થાને ઉવેખી શકાય નહી. આરોપીની સ્થિતિ જોતાં અને કરવામાં આવેલી રજુઆતને લક્ષમાં લેતા, ઓછી રકમનો દંડ કરવાથી ન્યાયનો હેતું જળવાશે. જેથી આરોપીને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવીને ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવેછે.

**આખરી હુકમ**

આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ-૨૭૫ અન્વયે જુગાર ધારાની કલમ-૧૨ અ હેઠળના શિક્ષાને પાત્ર ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂ.૫૦/-(અંકે રૂપિયા પચાસ પુરા)નો દંડ કરવામાં આવે છે. દંડ ન ભર્યાના કસૂર બદલ દિન-૦૭ ની સાદી કેદ ભોગવવી.

સદર ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ રોકડ રકમ રૂા.૧૨૦/- સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ અન્ય મુદ્દામાલ જુગારના આંકો લખેલી ચોપડી નંગ-૧ તથા બોલપેન નંગ-૧નો નિયમ અનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૪ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત(સ્પેશ્યલ સીટીંગ, રાષ્ટ્રીય લોક અદાલત) માં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ : વાલોડ

**(બી.એસ.પરમાર)**
**પ્રિન્સીપાલ સિવિલ જજ અને**
**જે.એમ.એફ.સી., વાલોડ.**
**કોડ નં. GJ01736**

**સદર કામે આરોપીએ દંડ પેટે રૂ. ૫૦/-**
**(અંકે રૂપિયા પચાસ પૂરા)દંડ રસીદ નં.**
**__________થી જમા કરાવેલ છે.**

**રજીસ્ટ્રાર**
**સીવીલ કોર્ટ,વાલોડ.**